ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૩ ટકા

# મનપાની ચુંટણી સ્થગિત કરવા ઉગ્ર બનતી માંગ

**હજુ પણ સમય છે, નાગરિકોના જીવ બચાવી લો : શહેર વસાહત મહાસંઘ**

**ચુંટણી કરતા નાગરિકોના જીવનની સલામતીને પ્રાથમિકતા આપવી જરૂરી : જાગૃત નાગરિક પરિષદ : શહેરની અન્ય નાગરિકલક્ષી સંસ્થાઓનું પણ અનુમોદન**

ગાંધીનગર, તા.૭

કોરોના સંક્રમણની બીજી લહેર સમગ્ર દેશમાં પ્રસરી વળી છે જેની અસર ગુજરાતમાં પણ વ્યાપકપણે જોવા મળી રહી છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ અગાઉના કોરોના કાળ કરતા અત્યારે સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. તેમજ મૃત્યુદરમાં પણ હવે વધારો થઈ રહ્યો છે જેના કારણે નાગરિકો ચિંતાતુર બન્યા છે અને બીજી તરફ રાજય સરકારે પણ શહેરમાં રાત્રે ૮ વાગ્યા પછી કરફર્યુ સહિત જાહેર સમારંભો, લગ્નપ્રસંગો સહિતના કાર્યક્રમો માટે ગાઈડલાઈન જાહેર કરી છે. પરંતુ હજુ પણ સરકાર મહાનગરપાલિકાની ચુંટણીઓ રદ કરવાની મમત છોડી શકતી નથી. આ બાબતને અનુલક્ષીને શહેરની બે મુખ્ય નાગરિકલક્ષી સંસ્થાઓ શહેર વસાહત મહાસંઘ અને જાગૃત નાગરિક પરિષદ દ્વારા વધુ એકવાર ચુંટણી મુલત્વી રાખવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે જણાવ્યું છે કે શહેરમાં દિનપ્રતિદિન વધતા કોરોના સંક્રમણના કેસોને ધ્યાને લઈને નામદાર હાઈકોર્ટ દ્વારા સરકારને ફટકાર લગાવાતા સરકારે તાબડતોબ કોર કમિટીની બેઠક યોજવી પડી અને બુધવારથી શહેરમાં રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધીનો કરફર્યુ લગાડવામાં આવ્યો છે, જો કે શહેરમાં અત્યારે મહાનગર પાલિકાની ચુંટણીઓ ચાલી રહી છે જેના કારણે રાજકીય પક્ષોના ટોળેટોળા પ્રચારમાં નીકળે છે, ગૃપ સભાઓ યોજે છે, ડોર ટુ ડોર ફરવા સાથે ચુંટણી કાર્યાલયના ઉદઘાટનોમાં ટોળા એકત્ર કરે છે, ચા-નાસ્તા પાણી માટે રસોડા ધમધમાવે છે, સવાર-સાંજ પ્રચારમાં નીકળી પડે છે, તો શું કોરોનાને ખુલ્લું આમંત્રણ નથી. હજુ પણ કોરોના કેસોમાં ઉછાળો આવશે તેવી આગાહીઓ માધ્યમોમાં પ્રકાશિત થઈ રહી છે ત્યારે નાગરિકોમાં ભયનો માહોલ છવાયો છે. આ સમયે શહેરના પ્રબુધ્ધ નાગરિકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓની ફરી એકવાર આગ્રહ ભરી વિનંતી છે કે ચુંટણીઓ મુલત્વી રાખી વહીવટદારની નિમણુંક કરવામાં આવે અને નાગરિકોના જીવ બચાવી લેવામાં આવે તેવી અપીલ વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા સહિત હોદ્દેદારોએ કરી છે.

આ સાથે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા પણ શહેરમાં ગંભીર બની રહેલા કોરોના સંક્રમણને ધ્યાનામાં લઈને મનપાની ચુંટણીઓ સ્થગિત કરવા અને જયાં સુધી કોરોના વાયરસનું સંકટ નિર્મૂલ ના થાય ત્યાં સુધી વહીવટદારની નિમણુંક કરવા રાજય સરકારને ભલામણ કરવામાં આવી છે. જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિન્દ્ર દવે દ્વારા જણાવાયું છે કે સ્થાનિક સ્વરાજની ચુંટણીના નાગરિકોના અધિકારને મુલતવી રાખવા યોગ્ય નથી તેવું પરિષદ માને છે પરંતુ જયારે નાગરિકોના જીવનની સલામતીનો પ્રશ્ન હોય તો તેને પ્રાથમિકતા આપવી યોગ્ય રહેશે. તાજેતરમાં યોજાયેલી ગ્રામ સ્વરાજની ચુંટણીઓમાં ચુંટણીલક્ષી ભીડને કારણે કોરોના વાયરસના સંક્રમણમાં વધારો થયો હોવાનું અનુભવાય છે. અત્યારે જિલ્લામાં સંક્રમણની સ્થિતિ વધુ ગંભીર થતી જાય છે ત્યારે મનપાની ચુંટણીઓ એક વર્ષ અથવા સંકટ ટળે ત્યાં સુધી મુલત્વી રાખી વહીવટદારની નિમણુંક કરી દેવી જોઈએ. આ સાથે પરિષદ દ્વારા તેમની માંગણીના સમર્થનના શહેર વસાહત મહામંડળ, પેન્શનર્સ સમાજ, જયોતિ મહિલા મંડળ, વસાહત મહાસંઘ, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, પીપલ્સ ડેમોક્રેટિક સોસાયટી, એન્જિનીયર એસોસિએશન વગેરેએ પણ સમર્થન આપ્યું હોવાનું જણાવ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા દશરથબા પ્રવિણસિંહ** ઉ.વ. ૬૭, સેકટર-૩
- **સ્વ.રાણા લીલાબા જસુજી** ઉ.વ. ૬૦, ધણપ
- **સ્વ. પટેલ જોઈતીબેન શંકરભાઈ** ઉ.વ. ૮૧, સેકટર-૨૬
- **સ્વ. ડાભી કૈલાસબેન સુરેન્દ્રસિંહ** ઉ.વ. ૬૦, સેકટર-૧૪
- **સ્વ. શર્મા જયંતિલાલ મગનલાલ** ઉ.વ. ૬૭, સેકટર-૨
- **સ્વ. ઠાકોર સોનીબેન અમાજી** ઉ.વ. ૬૪, રામપુરા (પાલજ)
- **સ્વ. શ્રીમાળી હંસાબેન કિર્તિકુમાર** ઉ.વ. ૬૩, ઉમતા, વિસનગર
- **સ્વ. વાઘેલા વિક્રમસિંહ નાથુસિંહ** ઉ.વ. ૫૫, લેકાવાડા
- **સ્વ. ડાભી વિષ્ણુજી રામાજી** ઉ.વ. ૪૬, પેથાપુર
- **સ્વ. પટેલ વિસાભાઈ ગણેશભાઈ** ઉ.વ. ૮૬, ધુમાસણ, કડી
- **સ્વ. સુથાર ઉર્મિલાબેન રજનીકાન્ત** ઉ.વ. ૬૦, કુડાસણ
- **સ્વ. સોલંકી અમરાજી વસાજી** ઉ.વ. ૬૩, ડભોડા-આનંદપુરા
- **સ્વ. રાણા જનકબા જગતસિંહ** ઉ.વ. ૫૪, સેકટર-૧૭
- **સ્વ. પ્રજાપતિ કનૈયાલાલ નારણદાસ** ઉ.વ. ૬૯, સે-૬
- **સ્વ. ચૌધરી શાન્તાબેન જેસંગભાઈ** ઉ.વ. ૮૫, બાલવા
- **સ્વ. પટેલ ભરતભાઈ મોહનભાઈ** ઉ.વ. ૫૫, મોટા ચિલોડા
- **સ્વ. ભાટી જયોત્સના જસવંતસિંહ** ઉ.વ. ૪૯, સેકટર-૨૬
- **સ્વ. પંડયા મંજુલાબેન માણેકલાલ** ઉ.વ. ૮૫, સેકટર-૪
- **સ્વ. દેસાઈ દિલિપભાઈ કમળાશંકર** ઉ.વ. ૮૫, સેકટર-૨૩
- **સ્વ. વાઘેલા શંકરજી ચંદુજી** ઉ.વ. ૬૭, પેથાપુર
- **સ્વ. પટેલ ગુણવંતભાઈ દ્વારકાભાઈ** ઉ.વ. ૫૪, સે-૩
- **સ્વ. પારેખ જયંતિભાઈ સોમાભાઈ** ઉ.વ. ૬૭, સુઘડ
- **સ્વ. પરમાર કરશનબેન વેચાતભાઈ** ઉ.વ. ૬૩, ઉભરાણ, માલપુર
- **સ્વ. પટેલ ભરતભાઈ હરગોવનદાસ** ઉ.વ. ૫૪, રાંધેજા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. વાઘેલા નંદુબા જીલુજી** ઉ.વ. ૬૧, સરગાસણ
- **સ્વ. પટેલ રઈબેન ભોળાભાઈ** ઉ.વ. ૭૮, રીદ્રોલ, માણસા
- **સ્વ. પટેલ મણીબેન ગોવિંદભાઈ** ઉ.વ. ૯૫, કુડાસણ
- **સ્વ. જેઠવા ગંગાબેન ગીરધરભાઈ** ઉ.વ. ૭૪, જીઈબી કોલોની સે-૩૦
- **સ્વ. કડીયા ઉષાબેન ઘનશ્યામભાઈ** ઉ.વ. ૬૧, લીમ્બોદરા, માણસા
- **સ્વ. રાઠોડ સવિતાબેન ચીમનભાઈ** ઉ.વ. ૬૯, સેકટર-૮
- **સ્વ. પટેલ છનાભાઈ કેશવલાલ** ઉ.વ. ૭૯, ઘુમાસણ, કડી
- **સ્વ. જોષી સુશીલાબેન મધુસુદન** ઉ.વ. ૬૫, સેકટર-૬
- **સ્વ. પટેલ વિનુભાઈ મણીભાઈ** ઉ.વ. ૫૬, નવા કોબા
- **સ્વ. પટેલ રજનીકાંત હરગોવનભાઈ** ઉ.વ. ૪૭, સેકટર-૨
- **સ્વ. ઠાકોર ઘનાજી લક્ષ્મણજી** ઉ.વ. ૫૩, ઉવારસદ
- **સ્વ. રાવળ ડાહ્યાભાઈ બીજલદાસ** ઉ.વ. ૭૨, સેકટર-૩
- **સ્વ. વાઘેલા માયાબા જોરાવરસિંહ** ઉ.વ. ૬૮, સેકટર-૨
- **સ્વ. ભાટી તેજાજી મોતીજી** ઉ.વ. ૬૮, બાલવા
- **સ્વ. પટેલ પ્રહલાદભાઈ કેશવલાલ** ઉ.વ. ૭૯, કુડાસણ



લોકડાઉનની અફવાઓના પગલે જરૂરીયાતની ચીજવસ્તુ એકત્ર કરવાની જાણે હોડ લાગી ગઈ છે. ગયા વર્ષે લોકડાઉનમાં પાન-મસાલાની ભારે ખેંચ અનુભવાઈ હતી. લોકડાઉનની અફવા ફેલાતા જ પાનના ગલ્લાવાળાઓ હોલસેલના વેપારીઓને ત્યાં ઉમટી પડયા હતા. પાન-મસાલાનો સ્ટોક કરી લેવા વેપારીઓ ઉમટી પડયા હતા.

## સે-૨૫ જીઆઈડીસીમાંથી ૧૩ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી જુગારધામ સેકટર-૨૧ પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે ઓરડીમાં જુગાર રમતા ૧૩ જુગારીઓને પકડી પાડી રૂ.૧,૦૨,૭૪૦ નો મુદ્દામાલ પકડી પાડી તમામને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી પ્લોટ નં.ઈ-૩૬ ની ઓરડીમાં કોઈન પર જુગાર રમાતો હતો. સેકટર-૨૧ પોલીસના મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે સેકટર-૨૫ જીઆઈડીસીમાં જુગારની બાતમી મળી હતી. જેથી પોલીસે ઈ-૩૬ ખાતે ઓરડી ખાતે રેઈડ પાડતા જુગાર રમી રહેલા ૧૩ જુગારી ઝડપાયા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા માણસાના કમલેશ અમરતલાલ પટેલ (ઉં.૪૮ સજજનપુરા), ગાંધીનગર શહેરના મહેન્દ્રસિંહ તખુભા બિહોલા (ઉં.૬૧, સેકટર-૨૬ કિસાનનગર), નટવરસિંહ રાઈસિંહ ચાવડા




(ઉં.૬૧ નાગરાજ સોસાયટી પેથાપુર), લિયાકત અહેમદભાઈ મલેક (ઉં.૫૦ મટવાકુવા), હુસેન ઈબ્રાહીમભાઈ સિપઈ (ઉં.૩૭ ચરેડી), સલીમ અબ્દુલભાઈ મનસુરી (ઉં.૪૭ ચરેડી), ભીખાજી બાદરજી ઠાકોર (ઉં.૩૬ કોલવડા), અલ્લારખા ઉમરભાઈ શેક (ઉં.૪૬ પાનસર કલોલ), અમદાવાદના પરેશ મનહરભાઈ શાહ (ઉં.૫૦ કૃષ્ણનગર), રજનીકાંત કાળુભાઈ પટેલ (ઉં.૪૧ નિકોલ), મહેસાણાનો કેતન ભાઈચંદ પટેલ (ઉં.૪૦ પ્રભુનગર સોસાયટી ગોજારીયા) તેમજ સુરેન્દ્રનગરના મહમદશા જીવાશા દિવાન (વળોદ દસાડા), નો સમાવેશ થાય છે. જુગારીઓ જે સ્થળ પર જુગાર રમતા હતા તે પ્લોટના માલિક દિનેશ પટેલ છે. જયારે ચરેડીનો આરીફ નામનો શખ્સ જુગારીઓને જુગાર રમવા માટે બોલાવતો હતો. પોલીસને વિવિધ કલરના ૧૭૭ કોઈન મળી આવ્યા છે. જયારે પોલીસે દાવ પરથી રોકડ રૂ,૩૮,૭૪૦, મોબાઈલ ફોન નંગ-૧૨ કિં.૬૪,૦૦૦ મળી કુલ રૂ.૧,૦૨,૭૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી ૧૪ જુગારી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરીફને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વોર્ડ નં.૧માં રાજકીય પક્ષોને હંફાવતા અપક્ષ ઉમેદવાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ચુંટણીનો માહોલ ભરચક જામ્યો છે અને ભાજપ-કોંગ્રેસ તો આમને સામને હતા તેમાં આ વખતે આમ આદમી પાર્ટી પણ જોડાઈ જતા ત્રિકોણીઓ જંગ અનુભવાઈ રહ્યો છે. જો કે આ સ્થિતિમાં શહેરના વોર્ડનં. ૧માં અપક્ષ ઉમેદવારની લોકપ્રિયતા જોઈને તમામ રાજકીય પક્ષો ચિંતામાં મુકાયા છે. વોર્ડ નં. ૧માં રાંધેજાના કરિયાણાના વેપારી ગુણવંતભાઈ પટેલ ઉર્ફે બોડાભાઈને ફોર્મ પાછુ ખેંચવા દબાણો આવ્યા હોવા છતા મકકમ રહ્યા હતા અને હવ તેઓ મોટા રાજકીય મહારથીઓને હંફાવી રહ્યા છે.

રાંધેજા ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી તુષાર કિરાણા સ્ટોરના નામથી વેપાર કરતા ગુણવંતભાઈ રમણભાઈ પટેલે ગામ ઉપરાંત સેકટર-૨૫ અને ૨૬ જેવા વિસ્તારોમાં પણ લોકપ્રિયતા મેળવી છે અને તેઓ આ વોર્ડમાં મુખ્ય રાજકીય પક્ષોને ફાઈટ આપનાર વજનદાર અપક્ષ ઉમેદવાર તરીકે ઉભરી આવે તેવી શકયતા જણાઈ રહી છે. ગુણવંતભાઈને ઘણા પક્ષોએ ટિકિટિની ઓફર કરી હતી પરંતુ તેમના વિસ્તારમાં અત્યાર સુધી ઠાલાં વચનોની સામે કોઈ વિકાસ કાર્યો થયા ના હોવાથી તેમણે અપક્ષ ઉમેદવાર તરીકે જ ઝંપલાવવાનું નક્કી કર્યુ હતું. ફોર્મ ભર્યા પછી પાચું ખેંચવા દબાણો અને ઓફરો પણ આવવા છતાં ડર્યા વગર મકકમ રહીને તેમણે મતદારો સમક્ષ રોડ-રસ્તા, રોજેરોજ ઉભરાતી ગટરો, પાણીની સમસ્યા વગેરેને ઉકેલવા આગામી પાંચ વર્ષ કાર્યરત રહેવાની હૈયાધારણ પાઠવી છે. જેને સારો આવકાર મળી રહ્યો છે. આ સાથે તેઓ ચારેય ગેટ તથા મુખ્ય માર્ગો પર સીસીટીવી કેમેરા લગાડી સમસ્યાઓના નિકાલ સાથે ગામને મોડેલ ગામ બનાવવાનું સપનું સાકાર કરવા વચન આપી રહ્યા છે.




છેલ્લા એક વર્ષથી વૈશ્વિક મહામારી રૂપી કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. જ્યારે સમસ્ત વિશ્વની મનુષ્ય જાતી પોતાના સ્વાસ્થ્યની ચિંતામાં સપડાઈ છે. ત્યારે આવી પરિસ્થિતિમાં વિશ્વ સ્વાસ્થ્ય દિવસ તો કેમ ભુલાય ? અમદાવાદ શહેરના લઘુશિલ્પ કલાકાર મુકેશ પંડયા પોતાની શૂક્ષ્મ કલાકૃતિઓ થકી સ્વાસ્થ્ય જાગૃતિના અવનવા મેસેજ સોશિયલ મીડિયાના માધ્યમથી ફેલાવતા રહે છે.

## બગીચામાં નીમવામાં આવેલા હોદ્દેદારો ગેરકાયદેસર હોવાનો ગુજરાત રેડક્રોસ સોસાયટીનો નિર્ણય

ગાંધીનગર, તા.૭

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાના વિવાદમાં હવે નવો વળાંક આવ્યો છે જે અનુસાર જીલુભા ધાંધલ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે તા. ૧૭મી ફેબ્રુઆરીના રોજ શહેરના સેકટર-૨૮ના બગીચામાં કહેવાતી બોલાવાયેલી બેઠક અને તેમાં નીમેલા કહેવાતા હોદ્દેદારો તથા કારોબારી સમિતિને ગુજરાત રાજય રેડક્રોસ સોસાયટીએ ગેરકાયદેસર અને યુનિવર્સલ નિયમ વિરુદ્ધ હોવાનો નિર્ણય જાહેર કર્યો છે. તેમણે અખબારી યાદીમાં જણાવ્યું છે કે કેટલાંક ઈસમો દ્વારા વર્તમાન સદસ્યોને હોદ્દેદારો સામે ઉશ્કેરવામાં આવ્યા હતા તથા વર્તમાન હોદ્દેદારો સામે કહેવાતી ગેરરીતિના શંકાના આધારે ગેરમાર્ગે દોર્યા હતા અને પછી વર્તમાન કારોબારી સમિતિને બરખાસ્ત કરીને પોતાની રીતે નવા હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. આ સામે ગુજરાત રેડક્રોસ સોસાયટી સમક્ષ વર્તમાન હોદ્દેદારોએ રજૂઆત કરી હતી જેને લીગલ સમિતિએ બંને પક્ષોને સાંભળ્યા બાદ તા. ૨૩મી માર્ચે ચુકાદો આપીને બગીચામાં યોજાયેલી બેઠક તથા હોદ્દેદારોની નિમણુંકને ગેરકાયદેસર ઠેરવી હતી. આ સાથે તેમણે ગેરકાયેદસર મંડળી બનાવી રચવામાં આવેલી કારોબારી સમિતિ તથા હોદ્દેદારોના સભ્યો રેડક્રોસ સોસાયટીના સત્તાવાર સભ્યો નથી તેથી તેઓ બેઠક બોલાવી શકે નહી કે હોદ્દા ધારણ કરી શકે નહી તેવું જણાવ્યું છે.



ગાંધીનગર કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં ટીકીટ મેળવનાર બ્રહ્મ સમાજના ઉમેદવારોનું સન્માન ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરી સોશિયલ ડીસ્ટન્સ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સરસ્વતી ઈન્સ્ટિટયુટને પાંત્રીસ હજારનું અનુદાન




ગાંધીનગર, તા.૭

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ, ગાંધીનગર, ની ટીમને એલ. એમ. ફાર્મસી કોલેજ ખાતે SSIP અંતર્ગત યોજાયેલ સ્પર્ધામાં કુલ પાંત્રીસ હજાર રૂ. અનુદાન પ્રાપ્ત કર્યુ હતું. આ સ્પર્ધાની ટીમમાં સંશોધક ડૉ. મૌલિકકુમાર દિનેશભાઈ વાજા તથા ચોથા સેમેસ્ટરમાં ભણતા વિદ્યાર્થી પાર્થ રામાણી દ્વારા ડૉ. અંકિત બી. ચૌધરી (ડાયરેક્ટર પી.જી.) ના માર્ગદર્શન હેઠળ પાંત્રીસ હજાર રૂપિયાનું અનુદાન મેળવ્યું હતું. ઉપરોક્ત ટીમને કોલેજનું ગૌરવ વધારવા બદલ સંસ્થા વતી અભિનંદન પાઠવવામા આવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરવામાં આવી હતી.

## સંકુલ સાદરામાં પક્ષીઓના આશ્રય સ્થાન એવા વડદાદાનું સંરક્ષણ કરાયું

ગાંધીનગર, તા. ૭

ભારતીય સંસ્કૃતિમાં નદીને માતા, ગાયને માતા, દેશને ભારતમાતા, વડને દાદા તરીકે ઓળખવાની પ્રેમભરી સૂચક પરંપરા ચાલી આવી છે અને હજુ અકબંધ રહી છે. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં અનેક પક્ષીઓ જેવા કે મોર, ચકલી, ઘુવડ, કબુતર, બગલાં તેમજ વાંદરાઓના આશ્રય સ્થાન એવા વડદાદાના સંરક્ષણનું કામ હાથ ધરાયુ. આજે પણ અનેક પક્ષીઓ સાથે સાથે ૧૫૦૦ થી વધુ રાષ્ટ્રીય પક્ષી એવા મોરનું આશ્રયસ્થાન આ વડદાદા બની રહ્યા છે.



સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ અને ડિન ડૉ. જગદીશચંદ્ર સાવલીયાના માર્ગદર્શન હેઠળ વડદાદાના ફરતે દિવાલ ચણતર સલામતી સેવક બાબુભાઈ રાવળ અને સુરેશભાઈ રાવળ તેમજ સૌ સેવકો-વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના સહકારથી કરવામાં આવી. જીઈબી દ્વારા વિનામૂલ્યે માટી નાખી વડદાદાનું થડ મજબૂત કરવા માટેની વ્યવસ્થા સમાજ સેવક પ્રદીપ રાઓલે કરી. થડ ફરતે ગાયના છાણથી લીંપણ કરેલા ઓટલા ઉપર વિદ્યાર્થીઓ વડદાદાના છાંયડાનો આશ્રય લઈ કુદરતી ઠંડકનો અનુભવ માણી વિદ્યાભ્યાસ-વાંચન કરશે. આવા અનેક વિવિધ ઉપયોગ સાથેના બહુવર્ષાયુ વૃક્ષ તરીકે ઓળખાતા અનેક પક્ષીઓ, કીટકો અને પશુઓ અને મનુષ્યના આશ્રયસ્થાન એવા વડદાદાનું સંરક્ષણ કરાયું.

## જન્મદિને વધામણી



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ કલબ



કે યુ ચાવડા
પ્રમુખ, જય ભીમ સેવા ટ્રસ્ટ
મો. ૯૪૨૯૯ ૩૩૧૧૩



હિયાંશ
કરશનભાઈ મેસરવાલા



હિત ભૂત



દિયાન દિપેશ ચૌહાણ
મો. ૯૭૨૩૯ ૭૨૮૨૯



કેનીલ પટેલ
મો. ૮૪૮૭૮ ૧૩૦૦૭

## સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતા એએસઆઈનું આકસ્મિક મૃત્યુ

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ખાતે ફરજ બજાવતા ૫૬ વર્ષિય એએસઆઈનું આકસ્મિક અવસાન થવા પામ્યું છે. શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા નરેન્દ્રસિંહ બળવંતસિંહ ચંપાવત (ઉં.૫૬) સવારના સમયે કોઈ કારણોસર પડી ગયા હતા. અચાનક પડી ગયેલા નરેન્દ્રસિંહને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી પરિવારના સભ્યો તેઓને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈને આવ્યા હતા. જયાં ફરજ પરના ડોકટર દ્વારા તેઓને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તારણ અનુસાર બ્લડપ્રેશરની વધઘટને પગલે તેઓ નીચે પડી ગયા હોવાની સંભાવના છે. સમગ્ર બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.